દાખલ તારીખ : ૧૬/૦૭/૨૦૧૯
રજી. તારીખ : ૧૬/૦૭/૨૦૧૯
ફેંસલ તારીખ : ૧૪/૦૫/૨૦૨૬
સમય: વર્ષ–૦૬, માસ–૦૯,દિવસ–૨૬

આંક :

**ફોર્મ–એ**

| |
|---|
| **ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, મેંદરડા**<br><br>**સમક્ષ : કૃષ્ણ સિંહ રાઠૌર**<br>**ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ**<br><br>**જજમેન્ટ તારીખ : ૧૪/૦૫/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નંબર : ૨૩૭/૨૦૧૯**<br>**એફ.આઈ.આર.નં.થર્ડ–૫૬/૨૦૧૮**<br>**પોલીસ સ્ટેશન : મેંદરડા.** |

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | કે.બી.ટાંક | |
| આરોપી પક્ષ | ૧. | અતુલ મનુભાઈ ખરેડ,<br>રહે. વિજાપુર, તા.જિ.જૂનાગઢ |
| | ૨. | રામભાઈ ઉર્ફે રમેશ નારણભાઈ ગુરગુટીયા, **(એબેટ)**<br>રહે. જૂનાગઢ, પંચેશ્વર શંકર મંદિર પાસે, જૂનાગઢ |
| આરોપીઓ પક્ષે વિ.વ.શ્રી | પી.પી. સારીયા, | |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૦૮/૨૦૧૮ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૨/૦૮/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૧૫/૦૭/૨૦૧૯ |
| તહોમતનામાની તારીખ | ૩૧/૦૮/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૩/૧૦/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭/૦૫/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૪/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ,જો હોય તો | લાગુ પડતું નથી. |

| અ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમયાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br><br>૨. | અતુલ મનુભાઈ ખરેડ,<br><br>રામભાઈ ઉર્ફે રમેશ નારણભાઈ ગુરગુટીયા, **(એબેટ)** | ૧૨/૮/૧૮<br><br>૨૦/૬/૧૯ | ૨૦/૮/૧૮<br><br>૨૭/૬/૧૯ | પ્રોહી. કલમ– ૬૫ ઈ, ૯૮, ૯૮(૨), ૯૯, ૮૧ મુજબ. | નિદોર્ષ | – | – |

**<u>ફોર્મ–સી</u>**

**<u>:: સાહેદોનુ લીસ્ટ ::</u>**

**<u>અ. ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો :</u>**

| આંક | વિગત |
|---|---|
| ૧૦ | સાહેદ રાકેશભાઈ બાઉવેદભાઈ ડોબરીયાની જુબાની |
| ૧૨ | પંચ સાહેદ હનીફભાઈ હાજીભાઈ મોરીની જુબાની |
| ૧૭ | પંચ લખમણભાઈ અમુભાઈ કંડોરીયાની જુબાની |
| ૧૮ | ફરિયાદી રામભાઈ કાનજીભાઈ છેલાણાની જુબાની |
| ૩૪ | ત.ક.અ. કુલદિપસિંહ મહેશદાન ગઢવીની જુબાની |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::**

| આંક | વિગત |
|---|---|
| ૧૩ | અસલ પંચનામુ. |
| ૧૯ | અસલ ફરીયાદ |
| ૩૫ | રવાનગી પત્રક |
| ૩૬ | એફ.એસ.એલ. પહોંચ |

બ. બચાવ પક્ષ :
ક. નયાયાલય :
ડ. ભૌતિક વસ્તુઓ :

**-: ચુ કા દો :-**

।૧। ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તા.૧૨/૦૮/૨૦૧૮ ના કલાક ૧૩/૦૦ વાગ્યે હરીપુર ગામની સીમમાં આરોપી નં.૧ ના એ પોતાના હવાલાની હુન્ડાઈ કંપનીની ગેટસ કાર નંબર જી.જે.-૦૧-એચએમ-૫૭૫૦ વાળીમાં દેશી પીવાનો દારૂ બાચકા નંગ-૩૦ દારૂ લીટર ૬૦૦ કિ.રૂા.૧૨,૦૦૦/- તથા ફોરવ્હીલ કારની કિ.રૂા.૧,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન-૨ કિ.રૂા. ૧૦૦૦/- મળી કુલ મુદ્દામાલ રૂા.૧,૧૩,૦૦૦/- નો પોતાના કબજામા રાખી હેરાફેરી કરી એકબીજાને મદદગારી કરી રેઈડ દરમિયાન આરોપી નં.૧ પકડાઈ જઈ તથા સાથેનો આરોપી રમેશ ઘેલીયા રબારી, રહે. પંચેશ્વર જૂનાગઢ નો નાશી જઈ તથા દારૂ આપનાર રામભાઈ ઉર્ફે રમેશભાઈ નારણભાઈ ગુરગુટીયા, રહે. જૂનાગઢ, પંચેશ્વર શંકર મંદિર પાસે વાળો પાછળથી પકડાઈ જઈ આરોપીઓએ ગેરકાયદેસર પ્રોહી. મુદામાલ કબજામાં રાખી હેરાફેરી કરી એકબીજાની મદદગારી કરી, પ્રોહી. એકટ કલમ-૬૫ ઈ, ૯૮, ૯૮(૨), ૯૯, ૮૧ મુજબનો ગુનો કરેલાનો આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપ છે જે આધારે ગુના લગત મેંદરડા પો.સ્ટે.માં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ.

।૨। આરોપીઓને સમન્સ કરતાં આરોપી નં.૨ નાઓ મરણ ગયેલ હોય તેવા શેરા સાથે સમન્સ પરત આવતા મરણના પ્રમાણપત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે. તથા આરોપી નં.૧ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપીઓને પોલીસ પેપર્સની તમામ નકલો ક્રિ.પ્રો. કોડ કલમ-૨૦૭ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક-૦૭

થી આરોપી નં.૧ સામે તહોમતનામુ ફરમાવી, આંક– ૦૮ થી આરોપી નં.૧ ની પ્લી લેવામાં આવતા આરોપી નં.૧ નાઓએ ગુન્હાની કબુલાતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે, જેથી હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર આવેલ છે.

। ૩ । ફરિયાદપક્ષે આંક–૧૦ થી તપાસેલ સાહેદ રાકેશભાઈ બાઉવેદભાઈ ડોબરીયા તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં એવું જણાવે છે કે, ગત તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ તથા ગોવિંદભાઈ રામભાઈ તથા તુષારભાઈ તથા પી.એસ.આઈ.શ્રી ગઢવી સાહેબનાઓ સાથે મેંદરડા પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન રાણીધાર ગામ પાસે વાહન ચેકીંગમા હતા તે દરમ્યાન આશરે કલાક ૧૧:૨૦ એ મેંદરડા તરફથી એક ફોર વ્હીલ કાર શંકાસ્પદ હાલતમાં આવતી હોય જેને તેઓએ રોકવાની કોશીષ કરતા તે રોકાયેલ નહી અને તે હરીપુર જતા રસ્તે ચડેલી જેથી તેઓએ તેમનું સરકારી વાહન લઈ તેનો પીછો કરેલ. પીછો કરતા હરીપુર ગામથી નજીક ભભુતગીરી ગુલાબગીરી મેઘનાથીથી વાડી પાસે સદર ફોર વ્હીલના ડ્રાઈવરે પોતાના હવાલાની ગાડી રોડની સાઈડમાં ગટરમાં ઉતારી દીધેલ. જેથી તેઓ ત્યાં તુરત પહોંચી તેમનું સરકારી વાહન ઉભુ રાખી દોડીને જતા સદર ગાડીમાં ડ્રાઈવર સાઈડની બાજુમાં બેસેલ ઈસમ ભાગી ગયેલ અને ડ્રાઈવર તરીકે બેસેલ ઈસમને તેઓએ પકડી પાડેલ. ભાગી છુટેલ ઈસમ અંધારાનો લાભ લઈ નાશી ગયેલ. સદર પકડાયેલ ઈસમનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ અતુલ મનુભાઈ ખરેડી જાતે ગઢવી રહે.વિજાપુર વાળો હોવાનું જણાવેલ. જે ગાડી સીલ્વર કલરની હયુન્દાઈ કંપનીની ગેટસ કાર હતી. જેના નં.જીજે.૦૧.એચએમ.૫૭૫૦હતા. જે ગાડીના આગળના કાચ પર ગુજરાતીમાં સેહર કૃપા લખેલ છે. અને તેનો મોરો તથા હેડ લાઈટ તુટી ગયેલ જોવામાં આવેલી. ગાડીની અંદર પાછળની શીટ તથા પાછળની ડેકીમાં સફેદ જેવા કલરના બાચકાઓ પ્રવાહી ભરેલ હોય જેમાં જોતા દેશી પીવાનો દારૂ હોય જેથી તુરત બે રાહદારી પંચો ને બોાલવી બનાવની સમજ કરેલ. પંચો રૂબરૂ ગાડીમાં જોતા પાછળની શીટ તથા પાછળની ડેકીમાં પ્રવાહી ભરેલ બાચકાંમાંથી એક બાચકુ ખોલી જોતા જેમાં પ્રવાહી જોતા પ્લાસ્ટીકના બુંગીયા નંગ–૪ હોય જે એક બુંગીયુ આશરે પાંચ લીટર પ્રવાહીથી ભરેલ હોય જે બુંગીયુ ખોલી બુંગીયામાંનું પ્રવાહી સુંઘી સુંઘાળી જોતા દેશી પીવાના દારૂની તીવ્ર વાસ આવતી હોય જે તમામ બાચકાઓ ગણી જોતા બાચકા નંગ–૩૦ હોય જે દરેક બાચકામાં ચાર–ચાર બુંગીયા પાંચ

પાંચ લીટરથી ભરેલ હોય જે કુલ બુંગીયા નંગ–૧૨૦ દારૂ લી.૬૦૦ કી.રૂા.૧૨૦૦૦/– જે તમામ દારૂ એક સમાન હોય એક બુંગીયામાંથી થોડો દારૂ એક બોટલમાં કેમી. તપાસણી અર્થે લઈ મેંદરડા પો.સ્ટેશનનું શીલ કરી કબજે લેવામાં આવેલ. બાકીનો દારૂ બાચકામાં જેમનો તેમ રહેવા દઈ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ તેમજ ગાડી તથા આરોપી પાસે રહેલ મોબાઈલ ફોન નંગ–૨ પંચનામાની વિગતે તેમની સાથેના પી.એસ.આઈ.શ્રી ગઢવીએ કબજે લીધેલ. નાશી જનાર આરોપી વિષે પુછપરછ કરતા રમેશ ઘેલીચા રબારી રહે.પંચેશ્વર જુનાગઢ વાળો હોવાનું જણાવેલ અને આ દેશી દારૂ રામભાઈ ઉર્ફે રમેશ નારણભાઈ રબારીનો હોવાનું જણાવેલ જે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૧૨:૦૦ થી ક.૧૩:૦૦ સુધીનું સાથેના પી.એસ.આઈ.શ્રી એ કરેલુ. તેઓ આ અંગે પકડાચેલ અતુલ મનુભાઈ ખરેડ તથા નાશી જનાર રમેશ ઘેલીચા રબારી અને દારૂ આપનાર રમેશ નારણભાઈ રબારી વિરૂઘ્ધની ફરિયાદ સમયે કામગીરી સમયે સાથે હતા. તેઓ આરોપીને જોયે ઓળખે છે. આરોપી આજરોજ કોર્ટમાં હાજર નથી ઓળખની તકરાર નથી. ફરિયાદના અનુસંધાને તેમનું નિવેદન લેવામાં આવેલ.

સદર સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારે છે કે, તેઓના પેટ્રોલીંગના વાહનનો નંબર કે પ્રકાર તેમના નિવેદનમાં જણાવેલ નથી. તેમના નિવેદનમાં પંચોના નામ જણાવેલ નથી. સદર બનાવ સ્થળ જાહેર રસ્તો છે અને ત્યાં વાહનો અને લોકોની સતત અવર જવર રહે છે. તેમના નિવેદનમા પંચોને કોણ બોલાવી લાવેલ તે હકિકત જણાવેલ નથી.

।૪। ફરિયાદપક્ષે આંક–૧૨ થી તપાસેલ પંચ સાહેદ હનીફભાઈ હાજીભાઈ મોરી તથા આંક–૧૭ થી તપાસેલ પંચ સાહેદ લખમણભાઈ અમુભાઈ કંડોળીયા તેઓ પોલીસ સાથે કોઈ પ્રોહી. રેઈડમાં ગયેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવી રેઈડ અંગેના પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવી સદર પંચનામુ આંક–૧૩ થી રજુ કરે છે. સદર પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી દવારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. આરોપી તરફેની ઉલટ તપાસમાં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલાનું સ્વીકારેલ છે.

।૫। ફરિયાદપક્ષે ફરિયાદી રામભાઈ કાનજીભાઈ છેલાણા નાઓને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે. ફરિયાદીનો પુરાવો જોતાં તેઓ રેઈડમાં સામેલ હતા તેઓએ ફરીયાદ હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે અને આંક–૧૯ થી અસલ ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવી આ કામે રજુ રાખેલ છે. આ ફરિયાદી આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમના પેટ્રોલીંગના વાહનનો નંબર કે પ્રકાર તેમની ફરિયાદમાં જણાવેલ નથી. તેમની ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. સદર બનાવ સ્થળ જાહેર રસ્તો છે અને ત્યાં વાહનો અને લોકોની સતત અવર જવર રહે છે. તેમની ફરિયાદમા પંચોને કોણ બોલાવી લાવેલ તે હકિકત જણાવેલ નથી.

।૬। ફરિયાદપક્ષે ત.ક.અ. કુલદિપસિંહ મહેશદાન ગઢવીને આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે. ત.ક.અ.નો પુરાવો જોતા તેઓ પણ રેઈડમાં સામેલ હતા તેઓએ ફરીયાદ હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. વધુમાં ત.ક.અ.એ રવાનગી નોંધ આંક–૩૫ થી અને એફ.એસ.એલ. પહોંચ આંક–૩૬ થી રજુ કરેલ છે. આ સાહેદ આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓનું પેટ્રોલીંગના વાહનનો નંબર કે પ્રકાર સાહેદોના નિવેદનમાં જણાવેલ નથી. ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. સદર બનાવ સ્થળ જાહેર રસ્તો છે અને ત્યાં વાહનો અને લોકોની સતત અવર જવર રહે છે. નિવેદનમાં પંચોને કોણ બોલાવી લાવેલ તે હકિકત જણાવેલ નથી. વાહન કાગળો કબ્જે કરેલ નથી. કેટલા વાહન ચેકીંગ કરેલ તે સાહેદોના નિવેદનમાં જણાવેલ નથી. સાહેદો ફરજ પર હાજર હતા તેના કોઈ આધાર પુરાવા આ કામે રજુ રાખેલ નથી. એફ.એસ.એલ.થી આવેલ રીપોર્ટના કોઈ પત્ર નંબર કે આવક નંબર જણાવેલ નથી. પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો આ કામે લીધેલ નથી.

।૭। આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં તપાસ કરનાર અધીકારી તથા પોલીસ સાહેદે તેમના પુરાવાથી ફરીયાદ પક્ષને સમર્થન આપતી જુબાની આપેલ છે પરંતુ પ્રસ્તુત કામે સ્વતંત્ર એવા પંચસાહેદોના પુરાવા ધ્યાને લેવામાં આવે તો પંચના જણાવ્યા મુજબ પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી તેમજ ત.ક.અ.ની

ઉલટ તપાસમાં ફરિયાદીએ ફરીયાદમાં પંચોના નામ જણાવેલ ન હોવાનું સ્વીકારેલ હોય તેથી પંચોને સાથે રાખી રેઈડ કરેલાનુ માની શકાય નહી. વધુમાં બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે પંચો સીવાય કોઈ તટસ્થ સાહેદોના નીવેદનો લીધેલ નથી. આમ, સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થન વિના આવા શંકાસ્પદ પુરાવા આધારે આરોપીઓ વિરૂધ્ધનો કેસ પુરવાર થયેલ ગણી શકાય નહી. આમ, રેકર્ડ ઉપરની હકીકતો આધારે ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી નિ ર્ણ ય ::–</u>**

।૧। ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ આ કામના આરોપી નં. (૧) અતુલ મનુભાઈ ખરેડ, રહે. વિજાપુર, તા.જિ.જૂનાગઢ વાળાઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫ ઈ, ૯૮, ૯૮(૨), ૯૯, ૮૧ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

।૨। સદર કામે મુદામાલ અંગે અગાઉ હુકમ થયેલ હોય તે કાયમી રાખવો અને જે મુદામાલ નો હુકમ થયેલ ન હોય તો તેની માલીકીની ખરાઈ કરી અપીલ સમય બાદ પોલીસે તેના ખરા માલીકને પરત કરવા તથા બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

।૩। સી.આર.પી.સી.૪૩૭(એ) અન્વયે આરોપીઓએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા એપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટે અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા.૧૪મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મેંદરડા,
તા.૧૪/૦૫/૨૦૨૬

( કૃષ્ણ સિંહ રાઠૌર )
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
કોડ નં. જી.જે.૦૧૬૩૮